ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક : મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર : ડો. બીનાબેન પટેલ , તરીખ : ૨૪-૦૮-૨૦૨૫,રવિવાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી, મેટ્રો સીટી , અને ગાંધીનગર મેટ્રો

# સનરાઈઝ ઓક્સિજન પાર્ક ખાતે ઘરતીપૂજન અને પ્રથમ તબક્કાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર મહાનગર પાલિકા અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ મેટ્રો સીટી , અને ગાંધીનગર મેટ્રો ના સંયુક્ત ઉપક્રમે સવારે દસ વાગે ગાંધીનગર ખાતે ( પરમેનેન્ટ પ્રોજેક્ટ) સનરાઈઝ ઓક્સિજન પાર્ક ખાતે પ્રથમ તબક્કાનાં વૃક્ષારોપણનો કાર્યક્રમ ( 1000 વૃક્ષો ) વાવવાના કાર્યક્મની શુભ શરૂઆત કરવામાં આવી . આ પ્રોજેક્ટના ચેરમેન અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર મેટ્રો ના સેક્રેટરી શ્રી રિષિ પટેલે સમગ્ર ઓક્સિજન પાર્ક ખાતે મળવાની સુવિધાઓ વિષે માહિતી આપી .જયારે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર મેટ્રો ના વાઈસ પ્રેસિડેન્ટ મહેન્દ્રભાઈ પટેલ અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર મેટ્રો ના ખજાનચી અજયભાઈ પટેલ જેઓ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ છે તેઓએ સનરાઈઝ ઓક્સિજન પાર્ક ની વિશેષતાઓ વિષે જણાવ્યું આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના પ્રેસિડેન્ટ ડૉ બીનાબેન પટેલ , લાયન્સ ડિસ્ટ્રિક ચેરમેન મુકેશભાઈ પટેલ , લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર મેટ્રો સીટીના પ્રેસિડેન્ટ અને ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર અને બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ પટેલ , ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર ડૉ સંકેતભાઈ પાંચસરા , ગાંધીનગર દૂધ મંડળીના ડિરેક્ટર હસુમતી બહેન , નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ અનિલભાઈ પટેલ વગરે ઉપસ્થીત રહ્યા હતા .

## દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન

# મહિલા સશક્તિકરણ - ૫૧ સિલાઈ મશીન વિતરણ






શનિવાર, ૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ, લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બીૃ૩, ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હિરેન મેવાડા ના નેતૃત્વ હેઠળ, દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન, સિવિલ હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ ખાતે એક અર્થપૂર્ણ સેવા પહેલ - ૫૧ સિલાઈ મશીનોનું વિતરણ - નું આયોજન કર્યું.મહિલા સશક્તિકરણ, આજીવિકા સક્ષમ બનાવવા અને આત્મનિર્ભરતા અને પ્રોત્સાહન આપવાના હેતુથી આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન લાયન અનુજ મેહતા, મલ્ટીપલ કાઉન્સિલના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા અને આ ઉમદા કાર્ય ને સમર્થન આપવા માટે એક સાથે આવેલા તમામ ભાગ લેનારા લાયન્સ ક્લબ સભ્યો, કેબિનેટ અધિકારીઓ, મહેમાનો અને બિન-લાયન સભ્યો જોડાયા હતા.આ કાર્યક્રમને બહુવિધ લાયન્સ ક્લબ તરફથી મજબૂત સમર્થન મળ્યું હતું, તેમજ દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન, લાયન્સ દર્દી સહાયક ટ્રસ્ટ અને શ્રીમતી મનોરમા ચીમનલાલ શાહ ટ્રસ્ટ તરફથી વિશેષ યોગદાન મળ્યું હતું.આ પહેલ, નાસ્તો અને લાભાર્થીઓ સાથે હૃદયપૂર્વકની વાતચીત સાથે સમાપ્ત થઈ, જે સેવા અને સમુદાય સશક્તિકરણ પ્રત્યે લાયન્સ ની પ્રતિબદ્ધતામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા





તારીખ 11-08-2025 ના રોજ લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને પિમ્પલિયા પ્રાથમિક શાળા ના શિક્ષક મિત્રો ના સંયુક્ત ઉપક્રમે તિથિ ભોજન નુ આયોજન કરવામાં આવ્યું.. જેમાં ધોરણ 1 થી 8 ના કુલ 160 બાળકોને ભોજન આપવામાં આવ્યું...શાળાના તમામ શિક્ષક મિત્રો ભોજન ના દાતા રહયા હતા.લાયન્સ પ્રમુખશ્રી નીરવભાઈ એ શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ અને સ્ટાફ મિત્રોનો આભાર માન્યો હતો. શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ, વિનુભાઈ, બિન્દુબેન, વિષ્ણુભાઈ, જાગૃતિબેન, ફાલ્ગુનીબેન તથા લાયન્સ ક્લબ ઓફ મોડાસા ના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ખજાનચી એ સાથે મળી તિથિ ભોજન નો કાર્યક્રમ સફળ બનાવ્યો હતો...

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા




તારીખ 11-08-2025 ના રોજ લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને ભગિની સેવા સમાજ દ્વારા તાલુકા પંચાયત મોડાસા ખાતે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે લાયન્સ પ્રમુખશ્રી એ દરેક ને વ્યસન ન કરવા અને વૃક્ષારોપણ કરવા જણાવ્યું.જેમાં ટીડીઓ સાહેબ, પંચાયત ના તમામ કર્મચારીઓ, ગ્રામજનો, લાયન્સ ક્લબ ઓફ મોડાસા ના પ્રમુખશ્રી નીરવભાઈ, મંત્રીશ્રી અરવિંદભાઈ, ખજાનચી જીગ્નેશભાઈ, લા. પ્રવીણભાઈ ડી સી રૂરલ મેમ્બરશીપ, લા.રામાભાઈ, લા. પંકજભાઈ, લા. મનોજભાઈ... તથા ગુણવંતીબેન કંસારા પૂર્વ પ્રમુખશ્રી નગરપાલિકા મોડાસા,પ્રમુખશ્રી કામિના બેન તથા ભગિની સેવા સમાજ ની બહેનો ના સાથ સહકાર થી સરસ રીતે પૂર્ણ થયો.

ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી
24 ઓગષ્ટ ૨૦૨૫, રવિવાર
લાયન્સ સમાચાર

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના







તારીખ 6 ઓગસ્ટના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તેમજ હિંમતનગર કેળવણી મંડળ ના સંયુક્ત ઉપક્રમે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, એચ એન એસ બી ના અગ્રણીઓ તેમજ લાયન્સ ક્લબના ફેમિનાના પ્રેસિડેન્ટ સેક્રેટરી ટ્રેઝરર પ્રોજેક્ટર ચેરમેન તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં લગભગ 75 જેટલી બ્લડ યુનિટ એકત્રિત કરવામાં આવી હતી.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ






તારીખ 13 મી ઓગસ્ટ 2025 બુધવારના રોજ બપોરે ત્રણ વાગે વાત્સલ્ય સિનિયર સિટીઝન હોમ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટના બેનર હેઠળ કૃષ્ણ જન્મ મહોત્સવ, માખણ મટકી ફોડ ઉત્સવ નાના બાળકોની રાધા કૃષ્ણ વેશભૂષા હરીફાઈ તથા ઈનામ વિતરણ વૃદ્ધાશ્રમમાં વસતા બા બાપુજીને બપોરના નાસ્તા ની વ્યવસ્થા તથા વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું યજમાનપદ LION મનહરબેન દરબાર તથા ડોક્ટર દિલાવર સિંહ દરબારશ્રીએ સ્વીકાર્યું હતું. અને આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે ભારતીબેન બલદાણીયા. DISTRICT જીએસટી કોર્ડીનેટર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે LION બેલાબેન પરીખ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ફોર્ટના અન્ય મેમ્બરશ્રીઓ પણ ઉપસ્થિત હતા અને ખૂબ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ખૂબ સુંદર રીતે પ્રોજેક્ટ CHAIEPERSON લાયન ડિમ્પલબેન શાહ મારફત કરવામાં આવ્યું.

## લાયન્સ અને લિઓ ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન




લાયન્સ અને લિઓ ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન દ્વારા 79મો સ્વાતંત્ર્ય દિવસ ઉત્સાહ અને દેશભક્તિની લાગણી સાથે ભવ્ય રીતે ઉજવાયો.કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન વિધિથી થઈ, જેના દ્વારા સમગ્ર વાતાવરણ ગૌરવ અને એકતાની ભાવનાથી છલકાયું. સમાજ પ્રત્યે માન અને આદરના ભાવરૂપે ઓમ સિનિયર સિટીઝન ગ્રુપના સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા અને તેમના અમૂલ્ય યોગદાન તથા જીવનાનુભાવને વધાવવામાં આવ્યા.

## લાયન્સ અને લિઓ ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન







લાયન્સ અને લિઓ ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝને 79મો સ્વાતંત્ર્ય દિવસ દેશભક્તિ અને કરુણાના અનોખા સમન્વય સાથે ઉજવ્યો.ક્લબ દ્વારા શ્રદ્ધા ચિલ્ડ્રન હોસ્પિટલના નાનકડા દર્દીઓ માટે ક્રીએટિવ આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં બાળકોને પોતાના ભાવોને રંગો અને કલ્પનાઓ દ્વારા વ્યક્ત કરવાની પ્રેરણા મળી. પ્રેમ અને પ્રોત્સાહનના રૂપે ક્લબ દ્વારા બાળક દર્દીઓને સન્માનિત કરવામાં આવ્યા અને તેમની હિંમત તથા સર્જનાત્મકતાને વધાવવામાં આવી

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી











આજે જન્માષ્ટમીના શુભ અવસરે આનંદ નગર સેટેલાઈટ હનુમાનજીના મંદિરેથી આપણી અમદાવાદ સીટી ક્લબનો આ વર્ષનો પરમેનેન્ટ પ્રોજેક્ટ ખીચડી (પ્રસાદ ) વિતરણના કાર્યક્મ નો શુભારંભ કરવામાં આવ્યો. શ્રી દેવજીભાઈ પટેલના શુભ હસ્તે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્મમાં દર શનિવારે આ મંદિરેથી 20 કિલો ખીચડી ( પ્રસાદ ) વહેંચવામાં આવશે. આ પ્રસંગે અમદાવાદ સીટી ક્લબના પ્રેસિડેન્ટ બીનાબહેન પટેલ, મુકેશભાઈ પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ શિવ રત્નભાઈ સોની, ગીરીશભાઈ વૈષ્ણવ ( જોઈન્ટ સેક્રેટરી )હાજર રહી ખીચડી વિતરણના કાર્યક્મમાં ખુબ સહયોગ આપ્યો હતો.આ સમયે લોકોને આઠમ હોવાના લીધે મોરૈયાની ફરાળી ખીચડી નું વિતરણ કરાયું હતું જેમાં સ્થાનિક લોકોએ અને ભક્તોએ પણ સહયોગ આપ્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ લીયો




લાયન અનિલ ગજ્જરના જન્મદિવસ નિમિત્તે પેથાપુર ગામમાં સુખડેશ્વર ગૌશાળા માં કેન્સરગ્રસ્ત ગાયોને ઘાસ ખવડાવવાનું કાર્યક્રમ કરવામાં આવ્યો અને કાર્યક્રમ દરમિયાન લાયન્સ પીપી શ્રી જીતેન્દ્ર સિંહ સોલંકી ,મીનાક્ષી જયસિઘાની ,અને લાયન્સ લીયો ના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉપસ્થિત રહી આ કાર્યક્રમને ખુબ જ સુંદર જન્મદિવસની ઉજવણી કરવા બદલ આપ સૌનો આભાર વ્યક્ત કરું છું

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ






અતીતના આશીર્વાદ સેવા ટ્રસ્ટ વૃધ્ધાશ્રમ પ્રમુખ ડૉ. ચિરાગ શાહ અને હેતલ શાહ અને બીજા લાયન સભ્યો દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન હાથીજણ ખાતે આવેલ અતીત ના આશીર્વાદ વૃદ્ધાશ્રમના ૩૫ વડીલોને ડાકોર શ્રી રણછોડરાયજી મંદિર, ગોમતી ઘાટ ડાકોર, શ્રી કોટયર્ક ધામ, ગળતેશ્વર મહાદેવ મંદિર, બધા મંદિર ના દર્શન કરાવી અને બપોર નું ભોજન કરાવી પછી આઈસ્ક્રીમ ખવડાવીને આશ્રમ મા પરત આવ્યા. ત્યાર બાદ પ્રમુખશ્રી દ્વારા સાથે આવેલા વડીલો તેમજ ન આવી શકેલ વડીલોને ડાકોર ના લાડૂ ની પ્રસાદી આપવામા આવી.

ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી
24 ઓગષ્ટ ૨૦૨૫, રવિવાર
લાયન્સ સમાચાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી




સરસ્વતી વિધ્યાલય સેક્ટર-6 ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી લાયન્સ કલબ ઓફ અમદાવાદ સિટી, લાયન્સ કલબ ઓફ અમદાવાદ મેટ્રો સિટી અને લાયન્સ કલબ ઓફ ગાંધીનગર મેટ્રો ના સંયુક્ત ઉપક્રમે સરસ્વતી વિધ્યાલય સેક્ટર-6 ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી કેશરીસિંહ બિહોલા (પ્રમુખ: ગાંધીનગર, શેરી વસાહત મહાસંઘ) ઉપસ્થિત રહ્યા અને ધ્વજવંદન કરી સૌને દેશભક્તિનો સંદેશ આપ્યો.કાર્યક્રમમાં ડૉ. બીનાબેન પટેલ (પ્રેસિડેન્ટ: લાયન્સ કલબ ઓફ અમદાવાદ સિટી, સિનિયર એડિટર: ગાંધીનગર મેટ્રો, ડેઈલિ અખબાર) દ્વારા શુભ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. સાથે જ શ્રી મુકેશભાઈ પટેલ (સંસ્થાપક – મેટ્રો ગ્રુપ) દ્વારા શુભ હસ્તે સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા.આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, લાયન્સ કલબના સભ્યો, શિક્ષકો તથા વાલીઓએ દેશપ્રેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો. કાર્યક્રમના અંતે પ્રદીપસિંહ બિહોલા દ્વારા આભાર વિધી કરવામાં આવી.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના




લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના જન્માષ્ટમીના શુંભ ભાવસરે ધોળેશ્વર મંદિરના ગેટ પાસે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા છાશ નું વિતરણ કરવામાં આવ્યું. સૌ દર્શનારથીઓના ચહેરા પર છાશથી થતી હાશ જોવા મળતી હતી. આવા જ એક દર્શનાર્થી આપણા કેબિનેટ સેક્રેટરી લાયન હેમેન્દ્ર શાહ ની ઉપસ્થિતિ રહી અને એમણે આ સેવા ની સરાહના કરી. આવી કાળજાળ ગરમીમાં લોકોને છાશ આશીર્વાદરૂપ લાગી અને પ્રેમથી છાશ નો આનંદ માણ્યો. આ સેવા ના સ્પોન્સર એકલવ્ય સંસ્કૃત એકેડમી ઈલાબેન જોશી પણ સાથે રહ્યા. ક્લબના પ્રેસિડેન્ટ(અર્ચના દવે) સેકેટરી(કાનન પટેલ) પાસ્ટ પ્રેસિડેન્ટ(ચંદા યાદવ) તેમજ ક્લબ ના ઘણા સભ્યોએ આ મહાન સેવાનો લાભ લીધો.

## લાયન્સ ક્લબ અમદાવાદ ફોર્ટ






15 ઓગસ્ટ 2025 ના રોજ લાયન્સ ક્લબ અમદાવાદ ફોર્ટ ના માધ્યમથી શહીદ સ્મારક ગાયત્રી મંદિર પાસે શાહીબાગ ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત આપણા ડિસ્ટ્રિક ગવર્નર લાયન હિરેનભાઈ મેવાડાના વરદહસ્તે ધ્વજવંદનવિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આપણી જ ક્લબના સેકન્ડ વાઈઝ ડિસ્ટ્રીક ગવર્નર લાયન ભરતભાઈ શેઠ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને અમને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે પ્રોટોકોલ ઓફિસર lion ઉમેશભાઈ કોટીયાની હાજરીની પણ અમે નોંધ લઈએ છીએ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આપણી જ કલબના લાયન ભરતભાઈ શાહ કે જેઓ ડિસ્ટ્રિક્ટ ચેરમેન નેશન first છે તેઓએ ખુબ સુંદર રીતે આયોજન કરી સંચાલન ખરી અને કાર્યક્રમને ખુબ સફળ બનાવ્યો હતો.આ પ્રસંગે આપણી જ ક્લબના ઘણા બધા મહાનુભાવો સભ્યશ્રીઓ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તે સર્વેને ખૂબ ખૂબ અભિનંદન અને તેઓનો ખુબ ખુબ આભાર. તેની સાથે સાથે આપણા લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 32 32 b3 ના નેજા હેઠળ આયોજિત ડિસ્ટ્રીક નો પ્રોગ્રામ તારીખ 15 ઓગસ્ટ 2025 ના રોજ સિવિલ હોસ્પિટલ પાસે દિગ્વિજયનગર ફાઉન્ડેશન ખાતે ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ભૂતપૂર્વ મલ્ટીપલ કાઉન્સિલ ચેરમેન સુનિલભાઈ ગુગલીયા ઉપસ્થિત રહ્યા હતા. અને આપણા ડિસ્ટ્રીક ગવર્નર લાઈન હિરેનભાઈ મેવાડાએ ધ્વજવંદન વિધિ ને ખુબ સુંદર રીતે પૂર્ણ કરી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ કેબિનેટમાંથી તથા અન્ય કલબોમાંથી તથા દિગ્વિજય ક્લબમાંથી તથા ઘણા બધા અન્ય સાથીદારો અને આપણી ફોર્ટ કલબ ના ઘણા લાયન મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા. આમ સમગ્ર રીતે જોઈએ તો 15 મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસના આપણા બંને કાર્યક્રમો ખૂબ સફળતાને પામ્યા.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના




લાયન્સ ક્લબ ફેમિના ગાંધીનગર દ્વારા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ અને ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે મળીને ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉત્સાહભેર ઉજવાયો.કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન સમારોહથી કરવામાં આવી હતી, જેમાં દેશના સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી ઓતપ્રોત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા.આ પ્રસંગે લાયન્સ ક્લબ ફેમિના ગાંધીનગરના સભ્યો, સ્કૂલનું મેનેજમેન્ટ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી




લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી દ્વારા તા - 17/8/25 ની રાત્રે 9.30 વાગે ક્લબ માટે ફંડ વધારવાના શુભ આશયથી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.ઠાકોર ભાઈ દેસાઈ હોલ ખાતે આયોજીત *આપણા મલકનો' ડાયરો જાણીતાં કલાકાર તેજસ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે આપણા *ડિસ્ટ્રિક્ટ નાં ગર્વનર શ્રી હિરેનભાઈ મેવાડા હાજર રહ્યાં હતાં તેમજ હેમેન્દ્રભાઈ શાહ,( કેબિનેટ મંત્રી ) જયશ્રી બહેન શાહ ( કેબિનેટ મંત્રી ) હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત ક્લબના મેમ્બર્સ તેમજ પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી મહેશભાઈ શાહ, શિવ રત્ન ભાઈ સોની, પ્રવીણભાઈ પટેલ ગીરીશભાઈ માનાણી અને અન્ય મિત્રો આરતી બેન સોની, નૈતિક ભાઈ નાયક આ બન્ને શોના આયોજકો પણ રહ્યાં હતાં. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને ઉજાગર કરતાં દ્રષ્ટાંતો, કાવ્યો અને દુહાઓ સાથે આ ડાયરાની મઝા સૌએ માણી. કલાકાર *તેજસ પટેલે ગવર્નર શ્રી હિરેનભાઈ મેવાડા નો તેમજ , દેવજીભાઈ પટેલ ડો. બીનાબહેન, મુકેશભાઈ પટેલ નો અને તમામ લાયન્સ મેમ્બર્સ નો દિલથી આભાર માન્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ લિયો




લાયન્સ અને લિયો ક્લબે હીલ એન્ડ હોપ ઓર્ગેનાઈઝેશન તથા સ્પર્શ નીયોનેટલ એન્ડ પીડિયાટ્રિક હોસ્પિટલ સાથે મળીને ૫૦થી વધુ બાળકો સાથે આનંદમય જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો, જેમાં વોર્ડના નાના બાળકો પણ હર્ષભેર જોડાયા. દિવસ આનંદ અને ઉત્સાહથી ભરેલો રહ્યો — ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં બાળકો તથા દર્દી બાળકો કૃષ્ણ-રાધાના રૂપમાં સજ્જ થયા, સાથે જ મ્યુઝિકલ ચેર, મટકી ફોડ, ક્વિઝ (બાળકો તથા વાલીઓ માટે), પઝલ ગેમ્સ જેવી અનેક પ્રવૃત્તિઓ યોજાઈ.વોર્ડમાં રહેલા બાળકોને પ્રમાણપત્રો આપીને તેમને વિશેષ અનુભૂતિ કરાવવામાં આવી, જેથી દરેક બાળકને આ ઉજવણીમાં સામેલ થવાનો આનંદ મળે.

ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી
24 ઓગષ્ટ ૨૦૨૫ , રવિવાર
લાયન્સ સમાચાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી તેમજ અમદાવાદ મેટ્રો સિટી








લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી તેમજ અમદાવાદ મેટ્રો સિટી ના સહયોગથી તા 22/8/25 *શુક્રવાર ના રોજ સવારે 6 વાગે નરોડા વિસ્તાર ના 57 જેટલાં સીનીયર સિટીઝનો ને ગુજરાત ના જુદા જુદા ધાર્મિક સ્થળોના દર્શનાર્થે લઈ જવામાં આવ્યા . આ 5 દિવસના પ્રવાસ નો સંપૂર્ણ ખર્ચ અમદાવાદ સીટી ક્લબના ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જે જે મેવાડા તેમજ અમદાવાદ મેટ્રો સીટી ના પ્રેસિડેન્ટ શ્રી દિવ્યાંગ મેવાડા તરફથી આપવામાં આવ્યો

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ






લાયન્સ કલબ શાહીબાગ. 15/08/25..શુક્રવાર. સવાર 9.30. રાષ્ટ્ર ધ્વજ વંદન કાર્યક્રમ, રાણીપ અંધ કલ્યાણ કેન્દ્ર, પ્રેસિડેન્ટ ડૉકટર ચિરાગ શાહ . લાયન્સ ક્લબ શાહીબાગ તરફ થી 5000/- નુ અનુદાન . કલબ ના સભ્ય દ્વારા આઈસક્રીમ દરેક હાજર સભ્ય ને અને અંધ કલ્યાણ કેન્દ્ર ની દરેક બહેનો ને આપવા આવેલ....અંધ બહેનો એ ખુબજ આનંદ થી રાષ્ટ્રીય ગીતો ગાયા હતા. કલબ ના 13 સભ્યો હાજર રહેલ.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના




લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના તારીખ 18 ઓગસ્ટ ના રોજ ડભોડા ગામમાં આવેલ માવતર વૃદ્ધાશ્રમ માં જીવન જરૂરિયાતની વસ્તુઓ નું અનુદાન ક્લબ દ્વારા કરવામાં આવેલ. ક્લબના ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસ નો બર્થ ડે સેલિબ્રેશન આ વૃદ્ધો સાથે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે ક્લબના પીએસટી તેમજ ડિસ્ટ્રિક્ટ ના જીએલટી કોર્ડીનેટર લાયન મમતા રાવલ ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ્સ અને ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહેલ.

## લાયન્સ ક્લબ ઓફ સરસપુર







સરદારપુરા પ્રાથમિક શાળા મુ.સરદારપુરા તા.મહુધા,જી. ખેડા ખાતે દાતાશ્રી ગં.સ્વ.જ્યોત્સનાબેન પ્રહલાદભાઈ પટેલ દેવડાવાળા પરિવાર હસ્તે:સુપુત્રો શ્રી શનીભાઈ તથા શ્રી રવિભાઈ તરફથી આંગણવાડી થી ધોરણ ૮ ના ૧૦૨ વિદ્યાર્થીઓને જય રણછોડ મિત્ર મંડળ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ સરસપુરના સંયોજનથી શૈક્ષણિક સાધનોનોનુ વિતરણ કરી ધન્યતા અનુભવીએ છીએ

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ






બેગોલી ગૃપ ,રેડ ક્રોસ તથા લાયન્સ કલબ શાહીબાગ ના સામુહીક પ્રોજેક્ટ.15/08/25....કે ટી પ્લાઝા , ગાધીરોડ ,મેઘા બ્લડ ડોનેશન કેમ્પ .સવાર 9.00am ...બપોર 3.00pm....648 ટોટલ બ્લડ બોટલસ એકઠી થઈ હતી. લાયન્સ ક્લબ શાહીબાગ ના સભ્ય દ્રવારા 700 મોટા કપ લાયન્સ કલબ શાહીબાગ ના લોગો વાડા ટોટલ 47000/-...ના દરેક બ્લડ ડોનર ને આપવા મા આવ્યા હતા. લાયન્સ ક્લબ શાહીબાગ ના 7 મેમ્બર હાજર રહેલ,

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ





લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ દ્વારા તારીખ 22/08/25..શુક્રવાર, જીવનતીર્થ લોક સેવા કેન્દ્ર ,ઓઝોન આંગન ફ્લેટ ની નીચે, જુના વાડજ, રામાપીર નો ટેકરો , રૂપિયા ૫૨૧ ની 50 અનાજ ની કીટ જરૂરીયાત બહેનો ને આપી, આ ઉમદા કાર્ય મા યોગદાન આપનાર દરેક સભ્ય નો ખૂબ ખૂબ આભાર.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના




લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના શ્રાવણના પવિત્ર માસમાં સર્વમંગલ અર્થે પ્રદોષ દરમિયાન લઘુરુદ્ર પૂજા કરે જેમાં યજમાન તરીકે ક્લબના 10 સભ્યો એ ભાગ લીધો અને દર્શનાથી તરીકે સહભાગી બની ઘણા સભ્યો પુણ્યના ભાગીદાર બન્યા.